# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

29th October 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -17

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad,
Nanpura, Surat - 395001
For Private Circulaion only

## ડોક્ટરના અનુભવોની અભિવ્યક્તિ અને માર્ગદર્શન

તારીખ 19 /10 /૨૧ મંગળવારે મસ્ત મસ્ત ભજીયા ની મિજબાની કરાવી શ્રી ભુપેન્દ્રભાઈ અને શ્રી રૂપેશભાઈ ની જોડીએ. સર્વ આનંદમાં આવી રોટરી હોલમાં દાખલ થયા. પ્રમુખશ્રી ભિષ્માબેને સભાને શરુ કરવાનો આદેશ આપ્યો અને રો. વિજય મેથવાણીએ ફોર વે ટેસ્ટ રજુ કરી. ભિષ્માબેને સૌને પ્રેમ અને ઉમળકાથી આવકાર્યા સાથે જ ગત વર્ષની ટીમને જે એવોર્ડ્સ મળ્યા એ માટે હર્ષની લાગણી વ્યક્ત કરી અને ખૂબ અભિનંદન આપ્યા. ત્યાર પછી ડાયનેમિક નીખિલભાઈ એ માઇકનો દોર લીધો અને એમની આગવી શૈલીમાં ડોક્ટર અજય મહાજન અને એમની સમગ્ર ટીમને જે એવોર્ડ મળ્યા હતા તેને માટે સન્માનવામાં આવ્યા. **અધધધ... કહેવાય જાય એટલા એવોર્ડ્સ ડોક્ટર અજય મહાજન અને એમની ટીમ લઈને આવી અને સૌ સુરત રોટરી ક્લબના મિત્રોએ એમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.**

શ્રી નિખિલભાઇએ પધારેલ ખુબ જ નામાંકિત ડોક્ટરો નો પરિચય આપ્યો. ડોક્ટર નિકુંજ વિઠલાણી જેઓ જાણીતા ઓનકોલોજિસ્ટ છે એમનો પરિચય આપ્યો અને ત્યારબાદ એમનો ખૂબ જ નવીન વિષય - **"મને મારા દર્દી ઓછા કરવામાં મદદ કરો"** પર વ્યાખ્યાન રહ્યું. જેમાં એમણે કેન્સર વિશે ડિટેઇલમાં માહિતી આપી જણાવ્યું કે કેન્સર કેવી રીતે થાય એને કેવી રીતે રોકી શકાય. તેના માટે શું ટ્રીટમેન્ટ છે અને કેવી કાળજી લેવી જોઈએ વિગેરે માહિતી એમણે ખૂબ જ સરસ રીતે રજૂ કરી. ઉપસ્થિત સર્વે ને ઉપયોગી જાણકારી મળી.

શ્રી નિખિલભાઇ એ ડોક્ટર રુચા કાપ્સે શેઠ નો પરિચય આપ્યો જેઓ જાણીતા અને માનીતા ડોક્ટર કાપ્સે ના દીકરી છે અને રેડીયોલોજીસ્ટ છે. તેમનો વિષય પણ ખૂબ જ ઉપયોગી રહ્યો- **મેમોગ્રાફી ક્યારે કરાવવી જોઇએ**. ડોક્ટર રુચાએ ખુબ જ અસરકારક રીતે આ વાત રજૂ કરી અને મેમોગ્રાફી કરાવવાથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેત થઇ ને એને સમયસર કરાવીને આપણે બહુ મોટી આફત માંથી બચી શકીએ છે એવી સમજણ આપી.

સભાના વિષયો ખૂબ ગહન હતા અને ગંભીર પણ હતા પરંતુ વક્તાઓએ આ વિષયને ખૂબ સરળ બનાવી લોકો સુધી પહોંચાડયા.ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ સુરત ના સભ્યો સાથે રોટરી ક્લબ રાંદેર રોડ ના સભ્યો અને આમંત્રિત મહેમાનોએ પણ આ મિટિંગમાં ભાગ લીધો અને ઉપયોગી માહિતી મેળવી. ઉપસ્થિત સભ્યોએ પોતાના સવાલો ડોક્ટર સમક્ષ રજૂ કર્યા અને ડોક્ટરોએ ખૂબ લાગણી અને ધીરજથી બધા પ્રશ્નોના ઉત્તર આપ્યા જેથી સર્વમાં એક સંતોષ અને રાહતની લાગણી નો અનુભવ થયો. ડૉક્ટર અજય મહાજને આભારવિધિ કરી હતી.








## Gratitude

Our heartfelt gratitude to Bhupendra Jariwala, Rupesh Jariwala and Kundan Shah for leading 'Ghari' project and making delightful sweets. Everyone enjoyed the delicacy and appreciated the efforts of the team. Thanks for making 'Chandi Padva' a memorable one !

**A Big Thank You to RTN. Snehal Patel for donating 2.5 mm, 4 core Cable to Jivan Bharati School .**



## Incoming

22nd Oct 2021
Bal Aanganvadi

27th Oct 2021
Bhukhya ne Bhojan

28th Oct 2021
Diwali Celebration




**Jyoti Methwani** : 31st October 2021

PEACEBUILDING AND CONFLICT PREVENTION | DISEASE PREVENTION AND TREATMENT | WATER, SANITATION, AND HYGIENE | MATERNAL AND CHILD HEALTH | BASIC EDUCATION AND LITERACY | COMMUNITY ECONOMIC DEVELOPMENT | ENVIRONMENT

## બાલ આંગણવાડી

**તારીખ 16/10/2021, શનિવાર**



નાના ભૂલકાઓ જીવનબાગ ના પૂલકિત પુષ્પો છે, ભાવિની આશા છે. એમની માવજત એ આપણી ફરજ છે કારણકે એઓ દેવના દીધેલ છે. ભૂલકાઓ સાથે ગમ્મત, મસ્તી કરતા કરતા **રોટેરીયન કમલભાઈ ગાંધી અને જાગૃતીબેન ગાંધીએ** બાલ આંગણવાડીના ભૂલકાઓને પૌષ્ટિક નાસ્તો કરાવ્યો. સાથે જ કમલભાઈ એ જાગૃતીબેન સાથે મળીને વર્લ્ડ હેન્ડ વોશ ડે નિમિત્તે બાળકોને હાથ ધોવાનું મહત્વ અને હાથ કેવી રીતે ધોવા જોઈએ એ વિશે માહિતી આપી જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો એ ખૂબ જ પ્રશંસનીય કાર્ય છે.



## ભૂખ્યા ને ભોજન

**તારીખ 15/10/2021, શુક્રવાર**




ખોવાઈ જશું આ દુનિયામાં હસતા રમતા ખોવાઈ જશું અણગમતા ના આધાર બની હસતા રમતા ખોવાઈ જશું. આ વિચારધારાને આપણે અનુસરતા રહીએ. આ વિચારનું બખૂબી વાવેતર કર્યું રોટેરીયન રૂપલ ભટ્ટ. **રૂપલ ભટ્ટ, રોટેરીયન કુંદન ભાઈ અને દક્ષાબેનના** સહકાર થકી હરિચંપા નજીક ની વસ્તી માં ભોજન પીરસવાનો આનંદ લીધો.

